સ.મ.મુ.ગાં-(એચ)-૪૯૨-૩,૦૦૦-૯-૨૦૦૭.

**સરકારી કર્મચારીઓ માટે ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના. ખાતાકીય પરીક્ષા/ લાયકાત વગેરે બાબત**

**ગુજરાત સરકાર**
**નાણા વિભાગ**

ઠરાવ ક્રમાંક :પગર/૧૦૨૦૦૭/૧૧૩/મ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૧૪મી, સપ્ટેમ્બર, ૨૦૦૭

વંચાણે લીધો :- ૧. નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપગર/૧૦૨૦૦૭/૬૧૫/મ, તા.૨/૭/૨૦૦૭

**આ મુ ખ :-**

રાજ્ય સરકારના કર્મચારીઓને ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવા અંગેના નાણા વિભાગના તા.૨/૭/૨૦૦૭ના ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ થી યોજના દાખલ કરવામાં આવેલ છે. આ યોજનાના અમલ સંદર્ભે વિવિધ કર્મચારી મંડળો દ્વારા થયેલ રજુઆતોના અનુસંધાનમાં કેટલીક સ્પષ્ટતાઓ જરૂરી બનેલ છે. આ બાબતે રાજ્ય સરકાર દ્વારા જરૂરી વિચારણા કરવામાં આવેલ છે.

**ઠ રા વ :-**

રાજ્ય સરકારના કર્મચારીઓ માટે નાણા વિભાગના તા.૨/૭/૨૦૦૭ના ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ થી ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના દાખલ કરવામાં આવેલ છે; જે અન્વયે નીચે મુજબના સુધારા કરવા આથી ઠરાવવામાં આવે છેઃ

**૧.** નાણા વિભાગના તા.૨/૭/૨૦૦૭ના ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ ના ફકરા-૨(૬) અને ૨(૧૨)(બ), (ડ) માં જે જોગવાઇ કરવામાં આવેલ છે તેમાં છૂટછાટ મૂકી બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટે હવે નીચેની બાબતો ધ્યાનમાં લેવાની રહેશેઃ

**(૧)** જે કર્મચારીઓ ૨૪ વર્ષે બીજું ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટેની અન્ય શરતો પરિપૂર્ણ કરતા હશે તે કર્મચારીઓએ બઢતી માટેની ખાતાકીય પરીક્ષા પાસ ન કરી હોય તો પણ તેમને પાત્રતાની તારીખથી બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરી શકાશે; **પરંતુ**

**(૨)** ખાતાકીય પરીક્ષા પાસ કર્યા સિવાયના જે કર્મચારીઓને ૨૪ વર્ષે બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવામાં આવેલ હશે તેઓને ખાતાના વડાની કચેરીઓ તેમજ વહીવટી વિભાગો બનતી ત્વરાએ ખાતાકીય પરીક્ષાની તાલીમમાં મોકલી તેઓની ખાતાકીય પરીક્ષા લેવાની વ્યવસ્થા ગોઠવશે. આવા કર્મચારીઓએ ખાતાના વડાની કચેરી કે વહીવટી વિભાગ દ્વારા ૨૪ વર્ષે બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરાયા બાદ તુર્ત જ યોજાનાર ખાતાકીય પરીક્ષા(ઓ)માં ફરજિયાત ઉપસ્થિત રહી, સંબંધિત ખાતાકીય પરીક્ષા નિયમોમાં નિર્દિષ્ટ તકોમાં ખાતાકીય પરીક્ષા પાસ કરવાની રહેશે અને આવી નિયત તકો, સંબંધિત કર્મચારીએ ૨૪ વર્ષે બીજું ઉચ્ચતર પગાર ધોરણ મેળવ્યા બાદ તુર્ત જ લેવાનારી ક્રમિક ખાતાકીય પરીક્ષાઓમાં અનિવાર્યપણે ઉપસ્થિત થઇને પસાર કરવાની રહેશે.

**(૩)** ઉચ્ચતર પગાર ધોરણ મેળવેલ આવા કર્મચારી બઢતી માટેની ખાતાકીય પરીક્ષા નિયત તકોમાં પાસ ન કરે ત્યારે તેને તેના મૂળ સંવર્ગના એટલે નીચેની જગ્યાના પગાર ધોરણમાં પાછા હટાવવામાં આવશે તેમજ તેને આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ ન મળ્યો હોત તો, નીચલા પગાર ધોરણમાં મળતો હોત તે મૂળ પગાર મળવાપાત્ર થશે. આમ છતાં નીચલા પગાર ધોરણમાં પાછા હટાવવાને કારણે સંબધિત કર્મચારીએ જેટલા સમયગાળા માટે ઉચ્ચતર પગાર ધોરણમાં પગાર અને ભથ્થા મેળવ્યા હશે તે રકમની વસુલાત કરવાની રહેશે નહીં.

**(૪)** કર્મચારીને ૨૪ વર્ષ સુધીમાં એકપણ બઢતી મળેલ ન હોય ત્યારે, ૨૪ વર્ષે બીજા ઉચ્ચતર પગાર ધોરણની વિચારણા કરતી વખતે, પાત્રતાની તારીખે કર્મચારી જે સંવર્ગમાં હોય તે સંવર્ગની એકંદર કામગીરી અને ખાનગી અહેવાલ જોવાના રહેશે. **ઉદાહરણ તરીકે**:-

- સચિવાલયના સામાન્ય ફરજ કારકુનને નાયબ સેકશન અધિકારી તરીકે બઢતી મળ્યા વિના સેવામાં ૨૪ વર્ષ પૂર્ણ થતાં સેકશન અધિકારીની જગ્યાનું બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટે નાયબ સેકશન અધિકારી તરીકે કામગીરી તેમજ તે જગ્યાના ખાનગી અહેવાલ ધ્યાને લેવાને બદલે સામાન્ય ફરજ કારકુનની જગ્યા ઉપરની એકંદર કામગીરી અને તે જગ્યા ઉપરના ખાનગી અહેવાલો જોવાના રહેશે.

- સચિવાલયના સામાન્ય ફરજ કારકુનને, નાયબ સેક્શન અધિકારીની જગ્યામાં બઢતી મળેલ હોય તથા ૨૪ વર્ષે સેક્શન અધિકારીની જગ્યાનું બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું હોય, તો તે માટે નાયબ સેક્શન અધિકારીની જગ્યા ઉપરની એકંદર કામગીરી અને તે જગ્યાના ખાનગી અહેવાલ જોવાના રહેશે તથા તેમાં ખૂટતી કામગીરી અને ખાનગી અહેવાલ માટે સામાન્ય ફરજ કારકુનની જગ્યાની કામગીરી અને ખાનગી અહેવાલ જોવાના રહેશે.

**૨.(૧)** ૧૨ કે ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા પાત્ર કર્મચારીઓના કિસ્સામાં સંબંધિત કર્મચારીએ લાગુ પડતી કોમ્પ્યુટર પરીક્ષા પસાર કરેલી હોય તો તેને ઉચ્ચતર પગાર ધોરણ પાત્રતાની મૂળ તારીખથી મંજુર કરી શકાશે; જો તેણે લાગુ પડતી કોમ્પ્યુટર પરીક્ષા પસાર ન કરેલ હોય તો ઉચ્ચતર પગાર ધોરણ એ શરતે કામચલાઉ રીતે મંજુર કરી શકાશે કે તે કર્મચારી મોડામાં મોડું તા.૩૦/૬/૨૦૦૮ સુધીમાં લાગુ પડતી કોમ્પ્યુટર પરીક્ષા પસાર કરી લેશે.

**(૨)** ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવેલ કર્મચારીએ બઢતીની ખાતાકીય પરીક્ષા તેમજ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કર્યા પહેલા સ્વૈચ્છિક નિવૃત્તિ મેળવવી હશે તો તેઓએ મેળવેલ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ જતો કરવાનો રહેશે અને તેમણે મેળવેલ નાણાકીય લાભ પરત કરવાનો રહેશે. ગુજરાત રાજ્ય મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ના નિયમ-૨૮ની જોગવાઇ આ પ્રકારના કેસોમાં લાગુ પડશે નહીં.

**(૩)** સંબંધિત કર્મચારીએ આ ઠરાવની સાથેની અનુસૂચિ મુજબની બાંહેધરી આપવાની રહેશે.

**૩.** આ ઠરાવના અર્થઘટન પ્રસંગે નાણા વિભાગનો પૂર્વ પરામર્શ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**( શ્રીદેવી શુકલ )**
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગુજરાત ભવન,ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
  માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

સચિવાલયના સર્વે વિભાગો/સર્વે ખાતાના વડાઓ/ કચેરીઓના વડાઓ.
એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલ-૨ (એ. એન્ડ ઇ.) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ / સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ
સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ / સર્વે જીલ્લા વિકાસ અધિકારીઓ
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
સર્વે યુનિવર્સિટી/બોર્ડ/નિગમ/રાજ્ય સરકારના જાહેર સાહસો.
સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ / સર્વે જીલ્લા વિકાસ અધિકારીઓ
પગાર અને હિસાબી અધિકારી, સ.સ.ન.નિ.લિ. ગાંધીનગર / વડોદરા
નિવાસી તપાસણી અધિકારી, અમદાવાદ /ગાંધીનગર.
નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ શાખાઓ.
સર્વે માન્ય મંડળો.
સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ. . વેબસાઇટ ઉપર મૂકવા સારૂ.
<u>સિલેક્ટ ફાઇલ, મ-શાખા.</u>

- પત્ર દ્વારા.

## અનુસૂચિ-૧

બાંહેધરીનુ ફોર્મ

[ જુઓ યોજનાનો ફકરો-૧ અને ૨(૧) ]

પ્રતિ

. . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

હું . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . કચેરી/વિભાગમાં . . . . . . . . . . . ખાતે . . . . . . . . . . . . . . . . . . . તરીકે નોકરી કરૂં છું.

મેં નાણા વિભાગના તા.૧૪/૯/૨૦૦૭ ના ઠરાવ ક્ર:પગર/૧૦૨૦૦૭/૧૧૩/મ અન્વયે ૨૪ વર્ષે બીજું ઉચ્ચતર પગાર ધોરણ આપવા અંગેની જોગવાઇ વાંચી છે અને આથી હું તેમાં જણાવેલી શરતો સાથે સંમત થાઉ છું. વધુમાં આથી બાંહેધરી આપું છું કે, મને કચેરી/વિભાગ દ્વારા યોજનાર બઢતી માટેની ક્રમિક ખાતાકીય પરીક્ષા માટે મોકલવામાં આવશે ત્યારે અચૂકપણે ઉપસ્થિત રહી, ખાતાકીય પરીક્ષા નિયમોમાં નિર્દિષ્ટ કરેલ નિયત તકમાં પરીક્ષા પાસ કરીશ. વધુમાં, મને લાગુ પડતી કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા તા.૩૦/૬/૨૦૦૮ સુધીમાં પાસ કરીશ અને જો આવી પરીક્ષા હું પાસ નહી કરૂં તો આ યોજના હેઠળ મને મંજુર કરવામાં આવેલ ૨૪ વર્ષના બીજા ઉચ્ચતર પગાર ધોરણનો લાભ જતો કરીશ અને મૂળ નીચલા પગાર ધોરણનો સ્વીકાર કરીશ તેમજ મને ૨૪ વર્ષે બીજા ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ મળ્યો ન હોત તો મને મૂળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મળતો હોત તે પગાર ધોરણ મળવાપાત્ર થશે.

સ્થળ :- . . . . . . . . . .

તારીખ :- . . . . . . . . .

**કર્મચારીની સહી** . . . . . . . . . . .

કર્મચારીનું નામ :

કર્મચારીનો હોદ્દો :

કચેરી :

**ખાસ નોંધ** :- આ ફોર્મ માં કોઇપણ ઉમેરો, ફેરફાર, ફેરબદલી કે રદ કરવાની કામગીરી કરી શકાશે નહીં.

# અનુસૂચિ-૨

બાંહેધરી ખત

[ જુઓ યોજનાનો ફકરા-૨(૨) ]

આથી હું કબૂલ કરું છું કે નાણા વિભાગના તા.૧૪/૯/૨૦૦૭ના ઠરાવ ક્ર:પગર/ ૧૦૨૦૦૭/૧૧૩/મ અન્વયે ૨૪ વર્ષે બીજું ઉચ્ચત્તર પગાર ધોરણ આપવામાં આવે ત્યારે બઢતી માટેની ખાતાકીય પરીક્ષા તેમજ લાગુ પડતી કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કર્યા પહેલા સ્વૈચ્છિક નિવૃત્તિ મૂકીશ નહીં અને આવી સ્વૈચ્છિક નિવૃત્તિ મૂકીશ તો મને મળેલ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ જતો કરીશ તેમજ ૨૪ વર્ષે બીજા ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળ્યો ન હોત તો મને મૂળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મળતો હોત તે પગાર ધોરણમાં મૂકવા અને તે અન્વયે મળવાપાત્ર પગાર મેળવવા અંગેની સંમતિ આપું છું.

સ્થળ :- . . . . . . . . . . .

તારીખ :- . . . . . . . . .

કર્મચારીની સહી . . . . . . . . . . .

કર્મચારીનું નામ :

કર્મચારીનો હોદ્દો :

કચેરી :

**ખાસ નોંધ** :- આ ફોર્મ માં કોઇપણ ઉમેરો, ફેરફાર, ફેરબદલી કે રદ્દ કરવાની કામગીરી કરી શકાશે નહીં.